# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૪/૦૮/૨૦૧૭ થી તા.૨૦/૦૮/૨૦૧૭)

# ચકલાસી પોલીસ સ્ટેશન

## ચકલાસી પો.સ્ટે.ખાતે નોંધાયેલ ચીંટીગના ગુનાના છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી એલ.સી.બી. ખેડા નડીયાદ

**તા. ૧૬/૮/૨૦૧૭**

પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા.ગાધીનગર નાઓની સુચના અનુસાર પોલીસ અધિક્ષકશ્રી મનિન્દર પ્રતાપસિહ પવાર નાઓ એ અત્રેના જીલ્લામાં તા. ૦૨/૮/૧૭ થી તા. ૨૦/૮/૧૭ સુધી પેરોલ ફર્લો/ વચગાળાના, પોલીસ જાપ્તાના, અને જેલ ફરારી, તેમજ નાસતા ફરતા આરોપીઓને અટક કરવા અંગેની ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ. જે ડ્રાઇવ દરમ્યાન ખેડા જીલ્લાના વિવિધ ગુનાઓમા નાસતા ફરતા આરોપીઓ તેમજ જીલ્લામા રહેતા અને બહારના જીલ્લાઓના ગુનાઓમા નાસતા ફરતા હોય તેવા આરોપીઓ શોધી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ.

પોલીસ અધિક્ષકશ્રી દ્વારા આપેલ સુચનાની અમલવારીના ભાગરૂપે પો.ઇન્સ. શ્રી વી.જે.રાઠોડ નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.સ્ટાફના એ.એસ.આઇ સરફરાજહુસેન ઇનાયતઅલી, હેડકો. દિનેશભાઇ, પો.કો. ભગવાનભાઇ, પો.કો. ધર્મપાલસિંહ, પો.કો. અમરાભાઇ, નાઓ પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ચકલાસી પો.સ્ટે. એમ.કેસ. નં. ૧/૧૫ ઇપીકો.ક. ૪૦૬,૪૨૦,૧૨૦બી, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપીઓ (૧) પ્રવિણભાઇ વીનુભાઇ રોહીત રહે. મંજીપુરા તા ઠાસરા જી. ખેડા તથા (૨) કાન્તાબેન ઉર્ફે સવિતાબેન વેચાણભાઇ અમરાભાઇ ભીલ રહે. આકોના ગામ નવા પેટ્રોલપંપ સામે ખેતરમા, તા. નસવાડી જી. વડોદરા નાઓ પોતાના સગાને મળવા ડાકોર બસ સ્ટેન્ડ સામેથી નીકળી મંજીપુરા તા. ઠાસરા ગામે આવનાર છે. જે હકીકત આધારે ડાકોર બસ સ્ટેશશન બહાર વોચમા જઇ ગોઠવાઇ ગયેલ. અને થોડીવારમા બાતમી મુજબના બંન્ને વ્યક્તિઓ આવતા તેઓ બંન્નેને રોકી પુછપરછ કરતા તેઓનુ નામ (૧) પ્રવિણભાઇ વીનુભાઇ રોહીત રહે. મંજીપુરા તા ઠાસરા જી. ખેડા તથા (૨) કાન્તાબેન ઉર્ફે સવિતાબેન વેચાણભાઇ અમરાભાઇ ભીલ રહે. આકોના ગામ નવા પેટ્રોલપંપ સામે ખેતરમા, તા. નસવાડી જી. વડોદરાના હોવાનુ જણાવતા અને તેઓ બંન્ને ચકલાસી પો.સ્ટે. એમ.કેસ. નં. ૧/૧૫ ઇપીકો.ક. ૪૦૬,૪૨૦,૧૨૦બી, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી હોય તેઓને સીઆર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરી મોબાઇલ નંગ-૧ કિ.રૂ. ૫૦૦/-, રોકડ રૂ. ૨૫૦/- મળી કૂલ રૂ. ૭૫૦/- ની મત્તાનો કબ્જે કરેલ છે.

આ ગુનાના કામે મુખ્ય નાસતો ફરતો આરોપી તથા આ ગુનાનો મુખ્ય સુત્રધાર મહેશભાઇ રમણભાઇ વસાવા રહે. નસવાડી તા સંખેડા જી. વડોદરા નાઓ લગ્ન ઇચ્છુક વ્યક્તિઓને શોધી લાવી પૂર્વ આયોજીત કાવતરૂ રચી પોતાની રખાત તેમજ આ ગુનાની સહ આરોપી વર્ષાબેન ઉર્ફે લક્ષ્મીબેન નાઓ સાથે લગ્ન કરાવી લગ્નના પાંચ દિવસ પછી સામાજીક વિધી મુજબ તેડી લઇ જઇ જતી વખતે સામાવાળાઓના દરદાગીના તથા અન્ય કીમતી સામાન લઇ જઇ પાછા નહીં આવી સામાવાળાઓ સાથે વિશ્વાસઘાત કરી ગુનો આચરેલ. આ ગેંગનો મુખ્ય સુત્રધાર (૧) મહેશ તથા સહ આરોપીઓ (૨) વર્ષા ઉર્ફે લક્ષ્મીબેન (૩) યાકુબમીયા જુમારભાઇ દીવાન રહે. સુરેલી તા ઉમરેઠ જી આણંદ (૪) આશાબેન જતુભાઇ વસાવા રહે. સુરેલી તા ઉમરેઠ જી આણંદ નાઓને સદર ગુનાના કામે પકડવાના બાકી છે.

# ખેડા-નડીયાદ

**<u>ભારત દેશના ૭૧મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે કાયદો વ્યવસ્થાની જાણવણીના ભાગરૂપે કરેલ પ્રસંશનીય કામગીરી બદલ ખેડા જીલ્લા પોલીસને સન્માનિત કરવામા આવ્યા.</u>**

**<u>પ્રેસ નોટ તા.૧૫/૦૮/૨૦૧૭</u>**

ખેડા જીલ્લામા વર્ષ ૨૦૧૭ ના સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે શ્રી મનિન્દર પ્રતાપસિંહ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના વડપણ તથા માર્ગદર્શન હેઠળ LCB/SOG/ પેરોલ ફર્લોની ટીમ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન પોતાની ફરજમા ખેડા જિલ્લામા આગવી સુઝબુઝ અને અથાગ મહેનત દ્વારા સક્રિય રહી ખેડા જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા પોતાના ક્ષેત્રમા ઉત્કૃષ્ઠ અન. વિશિષ્ટ કામગીરી કરી પોલીસને ગૌરવ પ્રદાન કરતો ફાળો આપેલ છે. જે કામગીરીની સગર્વ નોંધ લઇ આજના ૭૧મા સ્વાતંત્રય પર્વ નિમિતે મુખ્ય મહેમાન શ્રી રાજેન્દ્ર ત્રિવેદી રમતગમત અને યુવા સાસ્કૃતિક વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગુજરાત રાજય નાઓના વરદ હસ્તે LCB ના (૧) પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે.રાઠોડ (૨) પો.કો. ભાર્ગવકુમાર મનસુખલાલ (૩) પો.કો. વિનોદ નામદેવ (૪) પો.કો. અમાનુલ્લાહ સફીમીયા (૫) પો.કો. પ્રદિપસિહ દેવેન્દ્રસિહ તથા SOG સ્ટાફના (૧) પોલીસ ઇન્સપેકટર શ્રી ડી.એ.ચૌધરી (૨) હેડકો. રમણભાઇ રામસિંહ (૩) પો.કો. જયેન્દ્રસિહ પ્રવિણસિંહ (૪) રૂતુરાજસિહ ગોપાલસિહ તથા પેરોલ ફર્લો સ્કોડના (૧) પો.સ.ઇ બી.આર.પટેલ (૨) પો.કો. ચંન્દ્રકાંત ગોવિંદભાઇ (૩) પો.કો. રાજેન્દ્રકુમાર લલ્લુભાઇ (૪) પો.કો. કુંદનુકમાર ઉમેદભાઇ નાઓને સન્માનપત્ર એનાયત કરી સન્માનિત કરવામા આવેલ છે.



# નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશન

**નડીઆદ રૂરલ પો.સ્ટે ના ચીટીંગના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસ્તો ફરતા આરોપીને ઝડપી પાડતી નડીઆદ રૂરલ પોલીસ**

**પ્રેશનોટ**

મહે. પોલીસ અધિ શ્રી મનિંન્દરસિંગ.પવાર સાહેબ ખેડા-નડીઆદ નાઓએ અત્રેના જીલ્લામાં તા.૨/૮/૨૦૧૭ થી ૨૦/૮/૨૦૧૭ સુધી નાસ્તા ફરતા આરોપીઓ અટક કરવા અંગેની ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ જે ડ્રાઇવ દરમ્યાન ખેડા જીલ્લાના વિવિધ ગુનાઓમાં નાસ્તા ફરતા આરોપી હોય તેવા આરોપીઓને શોધી કાયદેસર કરવા સુચના આપેલ અને શ્રી એચ.એ.રાઠોડ નાયબ પોલીસ અધિ સાહેબ નડીઆદ વિભાગ નડીઆદના માર્ગદર્શન મુજબ નાસ્તા ફરતા આરોપીઓને આ ખાસ ડ્રાઇવ દરમ્યાન ઝડપી પાડવા અંગેની સુચના હોઇ તેઓ સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ નડીઆદ રૂરલના પો.ઇન્સ એસ.એસ.મલ્હી તથા પો.સબ.ઇન્સ આર.આર.મોડીયા તથા પો. કોંન્સ શ્રવણકુમાર સિયારામ તથા પો.કો રાજુભાઇ પ્રહલાદભાઇ તથા પો.કો રણજીતસિંહ ઠાકોરભાઇ તથા પા.કો હિતાર્થ જગદીશચંન્દ્ર પોલીસ સ્ટાફના પોલીસ માણસો મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા તેમજ નાસ્તા ફરતા આરોપીઓની ખંતથી તપાસ કરી રહેલા હોઇ દરમ્યાન બાતમી મળેલ કે. નડીઆદ રૂરલ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૨૪/૨૦૧૬ ઇ.પી. કો કલમ. ૪૦૬,૪૨૦,૫૦૬(૧),૧૧૪ વિગેરે કામનો આરોપી બળદેવભાઇ મફતભાઇ સુથાર રહે.ભચલાકુઇ સુથાર ફળીયું તા.કપડવંજ જી.ખેડા નાનો શરીરે રાખોડી કલરનું લાઇનીંગ વાળુ શર્ટ તેમજ સીલેટીયા કલરની પેન્ટ પહેરેલ છે. જે નડીઆદથી બિલોદરા ચોકડી ઉપર થઇ મહેમદાવાદ તરફ નીકળનાર હોય તેવી બાતમી મળતા સદર આરોપીની વોચ તપાસમાં બિલોદરા ચોકડી ઉપર હતા દરમ્યાન ઉપરોકત બાતમી વર્ણન વાળો ઇસમ રિક્ષા માંથી નીચે ઉતરી ચાલતો આવતા તેને ત્યાંજ પકડી લીધેલ સદરહુ આરોપી નડીઆદ રૂરલ પો. સ્ટે ફ.ગુ.ર.નં. ૨૪/૨૦૧૬ ઇ.પી. કો કલમ. ૪૦૬,૪૨૦,૫૦૬(૧),૧૧૪ મુજબના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસ્તો ફરતો હોય સદર ગુનાના કામે આજરોજ તા.૧૮/૮/૨૦૧૭ ના કલાક.૦૮/૩૦ વાગે ગુનાના કામે અટક કરેલ છે. અને સદર ગુનાની આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ આર.આર.મોડીયા નાઓ કરી રહેલ છે. તા.૧૮/૮/૨૦૧૭



# કઠલાલ પોલીસ સ્ટેશન

**પ્રેસ નોટ**

તા-૧૭/૦૮/૨૦૧૭

**કઠલાલ પો.સ્ટે.ના ભાનેર પાટીયા નજીકથી એક ટાવેરા ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરના જથ્થા સહીત રૂપિયા ૩,૫૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી કઠલાલ પોલીસ**

મે. પોલીસ અધિક્ષક સા. શ્રી મનીન્દર પ્રતાપસીંગ પવાર, ખેડા-નડીયાદ નાઓએ ગે.કા. વિદેશી દારૂની હેરા ફેરી અટકાવવા સુચના આપતા મે. નાયબ પોલીસ અધિક્ષક સા.શ્રી વાય.જે. જાડેજા, કપડવંજ વિભાગ તથા સર્કલ પો.ઇન્સ. એમ.ડી. પટેલ, કપડવંજ નાઓની સીધી સુચના આધારે કઠલાલ પો.સ.ઇ. શ્રી એ.જી.રાઠોડ તથા અ.હેડ.કો. ભીખાભાઇ અંબાલાલ તથા પો.કો. બેચરસિંહ રતનસિંહ તથા પો.કો. નરેન્દ્રસિંહ જીલુભા તથા પો.કો. કેતનકુમાર મહેન્દ્રભાઇ તથા પો.કો. પુલીનધ્વજ પ્રવિણભાઇ એ રીતેના ખાનગી વાહનમાં પ્રોહી પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના પો.કો. કેતનકુમાર નાઓને બાતમીદારથી બાતમી મળેલ કે, એક ગ્રે કલરની ટાવેરા ગાડી નંબર જી.જે.૧૯. એમ.૧૧૯૨ ની પરપ્રાંતનો દારૂ ભરેલી છીપડી પાટીયા તરફથી અમદાવાદ-ઇન્દોર હાઇવે ઉપર થઇ કઠલાલ થઇ નડીયાદ તરફ જનાર છે. દરમ્યાન કઠલાલ તરફથી બાતમીવાળી ટાવેરા ગાડી આવતા વાહનોની આડાશ કરી ગાડી ઉભી રખાવી દીધેલી. ગાડીમાં વચ્ચેની શીટ તથા પાછળની શીટો ઉપર તથા નીચે વિદેશી દારૂની નાની બોટલો તથા બીયરની પેટીઓ ગોઠવેલી હતી. જેમાં પરપ્રાંતના દારૂની નાની-મોટી બોટલ નંગ-૪૫૬ કી.રૂ. ૧,૧૨,૮૦૦/- તથા બીયર ટીન નંગ-૩૮૪ કિંમત રૂપિયા ૩૮,૪૦૦/- તથા એક ઇન્ટેક્ષ કંપનીનો ઇકો ૧૦૫ મોડલ વાળો મોબાઇલ કિંમત રૂપિયા ૮૦૦/- તથા ગાડીની કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ્લે કીં.રૂ. ૩,૫૨,૦૦૦/- ની કિંમતના મુદ્દામાલની હેરાફેરી કરતા ગાડીના ચાલક નિતેશ લલીતકુમાર પંચોલી હાલ રહે. મહાવીરનગર, સરકારી રોડ, ગાયત્રી મંદિરની પાસે, હિંમતનગર, તા.હિંમતનગર, જી.સાબરકાંઠા મુળ રહે.ચાવન્ડ, તા-સરાડા, જી.ઉદેપુર, (રાજસ્થાન) તથા તેની સાથે એક સગીર નાને સ્થળ ઉપર પકડી પાડવામાં આવેલ છે. અને ગાડીના ચાલક વિરૂધ્ધ કઠલાલ પો.સ્ટે.માં અ.પો.કો. બેચરસિંહ રતનસિંહ નાઓની ફરીયાદ આધારે પ્રોહી એક્ટ કલમ- ૬૫-ઇ, ૬૭-એ, ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો નોંધી આગળની વધુ તપાસ કઠલાલ પો.સ.ઇ. શ્રી એ.જી.રાઠોડ નાઓએ હાથ ધરેલ છે.

